શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૬ • જૂન - ૨૦૧૬

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં ઉજવાયો ભવ્ય આમ્રોત્સવ

GPL-6 ટેનીસ બૉલ ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, વિશ્રામભાઇ પટેલ-સીશલ્સ, ડી.જી. વણઝારા (પૂર્વ ડી.આઇ.જી. ગુજરાત) અન્ય મહાનુભાવો તથા બન્ને ટીમના પલેયરર્સ

શિવાલયના જીર્ણોદ્ધાર પ્રસંગે ઉપસ્થિત
પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ભક્તજનો, ચાચાવદર

દ્રોણેશ્વર ગુરુકુલમાં પ્રથમ પ્રવેશોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓને
આશીર્વાદ પાઠવતા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

SGVP ની મુલાકાતે પધારેલા ભારતીય ક્રીકેટ ટીમના પૂર્વ ખેલાડી
શ્રી કિરણ મોરે, નયન મોંગીયા તથા વિમલ જાડેજા

સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં યોજાયેલ ત્રિદિનાત્મક સત્સંગ સમારોહમાં
ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, સહજાનંદ ધામ-રાજકોટ

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, જૂન : ૨૦૧૬, અંક : ૬

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

એવી અષાઢી બીજે રે

એવી અષાઢી બીજે રે ઝબકે વીજળી
વીજળીએ આગમના એંધાણ
હરિની ઇચ્છાએ અરજણ અવતર્યા
કરવા અનંતના કલ્યાણ... એવી અષાઢી

એવા બાલ રે મુકુંદે દૃષ્ટિ માંડિયું
અંતર ઉદીયો વૈરાગ્ય
પ્રીત્યુ રે બંધાણી પરબ્રહ્મ શુ
કીધો સંસારીડો ત્યાગ... એવી અષાઢી

એવા ગરવા ગુરુ રે ગોપીનાથજી
નારણ સ્વામી પૂરણકામ
ભગવા ધરાવ્યા ભૂષણ ભેખના
ધરીયા ધરમજીવન નામ... એવી અષાઢી

એવા પંખીડા સેવે રે ઈંડા પાંખમાં
સત્‌ગુરુ સેવ્યા રાખી પાસ
પાંખુ જો ફૂટી રે જ્ઞાન ધ્યાનની
હૈયે હરિનો પ્રકાશ... એવી અષાઢી

એવા સદ્‌રે વિદ્યાના થાણા થાપીયા
ગુરુકુલ ગરવા ગણાય
અન્નનાં સદાવ્રત પરબુ જ્ઞાનની
નિર્ભય કીધા રંક ને રાય... એવી અષાઢી

એવા હરિએ અરજણ રથ હાંકીયા
પૂરી પૃથવી મોજાર
વિરોધી રીયા રે ઝખ મારતા
જગમાં થીયો જે જે કાર... એવી અષાઢી

એવી હજારું ચેતન જ્યોત્યુ ઝળહળી
ચેતન ફુલડાંની માળ
ચેતન મંદિરે ચેતન પૂજીયા
ચેતન થીયા રે નિહાલ... એવી અષાઢી

એવા માધવને મળ્યારે ગુરુ માલમી
ગુરુએ આપી નિરમળ આંખ
અંધારા અંતરના સરવે ઓગળ્યા
હરિએ ઝાલી લીધો હાથ... એવી અષાઢી

- સ્વામી માધવપ્રિયદાસ

(અષાઢી બીજ : પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના પ્રાગટ્ય દિને પુષ્પાંજલી)

જનમ સુધાર્યો રે હો મારો....

- પાર્ષદ શામજી ભગત

"આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે, ત્યારે ભગવાનનાં અવતાર કે ભગવાનનાં સાધુ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે."

- વચનામૃત વરતાલ-૧૯

ભગવાન શ્રીહરિનું આ વચનામૃત આપણને સૌને આપણા ભાગ્યનું અને પૂર્ણકામપણાનું પુણ્યસ્મરણ કરાવે છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં જે કૃતાર્થતા અને ધન્યતાનો સ્વર પ્રગટ થાય છે, એ જ સ્વરોને હું પોતે પણ મારા જીવનમાં આજે અનુભવ કરી શકું છું. કારણ કે મને એવા સંતો મળ્યા છે, જેણે મારા જીવનમાં ધન્યતા ભરી દીધી છે.

દરેક શિષ્યને ગુરુપૂર્ણિમા પ્રસંગે પોતાના ગુરુનું સ્મરણ થાય એટલું જ નહીં, પરંતુ કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવાનું મન થાય. એ રીતે અહીં મારા ગુરુદેવ પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી અને એમના શિષ્ય સંતમંડળ પ્રત્યે આ ગુરુપૂર્ણિમાએ એક અનુભવ પ્રગટ કરીને કૃતજ્ઞતા અભિવ્યક્ત કરું છું.

અષાઢ માસની બીજનો દિવસ, આ રથયાત્રાનો દિવસ છે જ, પરંતુ મારા માટે મારા જીવનની રથયાત્રાના માર્ગદર્શક મારા ગુરુદેવનો પ્રાગટ્ય દિવસ છે,.

ગુરુકુલમાં પ્રવેશ પામ્યા પહેલા મારા જીવનનો વિચાર કરું છું તો, અમે ગામડાના જીવ. ગામડામાં જન્મ પામીને ગામડિયા દુહા લલકારતા.

એ ટોડે ને ટોડે મોર ટહુક્યા...
અને વાદળ ચમકી વીજ,
એ મારા હૃદાને રાણો સાંભર્યો...
એ આવી અષાઢી બીજ.

પ્રેમી પંખીડા માટે આ દુહો ગામડામાં ખૂબ જ પ્રચલિત હતો અને અમે એ જમાનામાં કાંઈ સમજણ વિના પણ આ દુહો હોંશે હોંશે ગાતા.

ગુરુકુલમાં વિદ્યાર્થી તરીકે વિદ્યાભ્યાસ માટે પ્રવેશ પામ્યા પછી ગુરુદેવના સાન્નિધ્યમાં અને સંતો-પાર્ષદોના માર્ગદર્શન પ્રમાણે સત્સંગના સંસ્કારો પામ્યા પછી આવા દુહામાં ભગવાન શ્રીહરિ અને સંતોએ અમારા હૃદય ઉપર રાણાનું સામ્રાજ્ય સ્થાપ્યું છે અને અમે શીખ્યા...

અષાઢ ઉચ્ચારં મેઘમલારં બની બહારં જલધારમ્
દાદુર ડકારં મયૂર પુકારં તડિતાતારં વિસ્તારમ્
નામ લહિ સંભારં પ્યાસ અપારં નંદકુમારં નિરખ્યારી
કહે રાઘે પ્યારી મૈં બલિહારી ગોકુળ આવો ગીરધાર.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પોતાનો જન્મ દિવસ વડતાલધામમાં હરિકૃષ્ણ મહારાજના સાન્નિધ્યમાં જઈને ભજન-કીર્તન કરીને વીતાવતા. પોતાના જન્મદિવસે ગુરુકુલમાં કોઈ ઉજવણી કે જાહેરાત કે સભા પ્રસંગ કંઈ જ થવા દેતા નહીં. વિદ્યાર્થીઓમાં તો ખબર પણ પડતી નહીં કે આજે આપણા ગુરુદેવનો જન્મદિવસ છે, છતાં સંતો-વિદ્યાર્થીઓ ગુરુદેવના જન્મદિવસે પ્રાર્થના કરતાં.

પાર્ષદ તરીકે દીક્ષા લીધા પછી એક વખત ગુરુદેવ સાથે વડતાલ દર્શન કરવા જવાનો પ્રસંગ આવ્યો. હું ડ્રાઈવર તરીકે ગુરુદેવની ગાડી ચલાવતો. વહેલી સવારે રાજકોટ ગુરુકુલથી વડતાલ જવા નીકળ્યા, ત્યારે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી અને

જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી ગુરુદેવની સેવામાં હતા.

પૂજ્ય બાલ સ્વામીએ મને ધીમેથી કાનમાં કહ્યું કે આજે સ્વામીનો જન્મ દિવસ છે, તેથી વડતાલ જવાનું છે. મને આશ્ચર્ય થયું અને મેં મનોમન નક્કી કર્યું કે આજે પૂજ્ય સ્વામીજીનાં જન્મ દિવસ નિમિત્તે મારે ઉપવાસ કરવો અને વડતાલ ધામમાં દેવને પ્રાર્થના કરવી કે અમારા ગુરુને કાયમ સાજા-નરવા રાખે. આવા સંકલ્પ સાથે ગાડી ચલાવતા પ્રાર્થના ચાલુ થઈ. ગાડીમાં સંતો કીર્તનગાન કરતા હતા અને ગુરુદેવ પોતાની નાની લાકડી પર આંગળીઓના ટેરવા વડે તાલ મિલાવતા કીર્તનભક્તિમાં મગ્ન હતા.

આજે અષાઢી બીજ છે અને રથયાત્રાનો દિવસ છે, એવી કશી જ મને ખબર નહોતી. માત્ર બાલ સ્વામીના કહેવાથી 'આજે ગુરુદેવનો જન્મ દિવસ છે' આ વિચારે હું પ્રફુલ્લિત ચિત્તે ગાડી ચલાવતો હતો અને વડતાલની રાહ જોતો હતો.

બપોરે વડતાલ પહોંચ્યા, ત્યારે મંદિરમાં રાજભોગની આરતી થઈ રહી હતી. પૂજ્ય ગુરુદેવ સાથે અમે બધા ઝડપથી મંદિરમાં પહોંચ્યા અને રાજભોગ આરતીનાં દર્શન કર્યાં.

આરતી પછી ગુરુદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ સામે શાંતિથી બેઠા અને પૂજ્ય જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ મધુર કંઠે કીર્તન શરૂ કર્યું...

આવો રાજીવ લોચન રંગ રસિયા રે,
આવો રાજીવ લોચન રંગ રસિયા.
જોઉં સુંદર મુખ પૂરન શશીયા રે,
આવો રાજીવ લોચન રંગ રસિયા.

કીર્તનગાનથી મંદિરમાં ભાવભીનું વાતાવરણ સર્જાયું અને પૂજ્ય ગુરુદેવ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં તલ્લીન બન્યા.

૭૮ વર્ષની ઉંમર, પાંચ કલાકની મુસાફરી અને ગાડીમાંથી સીધા મંદિરમાં પહોંચી ગયેલા પૂજ્ય સ્વામીજી બે કલાક સુધી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ બેસી જ રહ્યા. બપોરે દેવના દ્વાર બંધ થવાનો સમય થયો ત્યારે ઊભા થયા. દંડવત્ પ્રણામ કરીને મંદિરમાં સંતોને મળીને ઉતારામાં ગયા, ત્યારે હરિકૃષ્ણ મહારાજને ધરાવેલ થાળની પ્રસાદી પૂજ્ય ગુરુદેવ માટે બ્રહ્મચારી મહારાજ લાવ્યા. પરંતુ ગુરુદેવે પ્રસાદીને વંદન કર્યાં અને તેમાંથી પ્રસાદના બે ટુકડા લઈને બાલસ્વામીને કહ્યું, 'આ પ્રસાદી શામજીને આપો.' પૂજ્ય બાલસ્વામી પ્રસાદ લઈને મારી પાસે આવ્યા અને કહ્યું, 'લ્યો આ હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદ છે, સ્વામીએ આપ્યો છે, જમી જાવ.'

મેં કહ્યું, 'સ્વામી! આજે તો ગુરુનો જન્મ દિવસ છે, તેથી મારે ઉપવાસ છે.' આ વાત ગુરુદેવ પણ સાંભળી રહ્યા હતા. થોડું મર્માળુ હસીને બોલ્યા, 'લે, તે પણ ઉપવાસ કર્યો !!! પણ વાંધો નહીં, આ પ્રસાદ ખાઈ જા, પછી ઉપવાસ ચાલુ જ રાખજે.'

બાલ સ્વામી પણ હસ્યા. મને પ્રસાદના બે મોટા ચોસલા આપ્યા. પ્રસાદનાં દર્શન કરીને જ મોઢામાં તો રસના ઘૂંટડા ઉતરવા લાગ્યા હતા. એમાં વળી ગુરુદેવની આજ્ઞા થઈ એટલે હરખથી એ પ્રસાદ હું આરોગી ગયો. હું પહેલી વાર આવો પ્રસાદ પામ્યો અને તે પણ ગુરુ આજ્ઞાથી. ભૂખ ભાંગી, પ્રસાદ પામ્યો અને અંતરમાં ઉપવાસ રાખ્યાનો આનંદ અનુભવાયો. એ પ્રસાદનો સ્વાદ આજે પણ અનુભવાય છે.

થોડીવાર પછી બાલસ્વામીએ પૂછ્યું, 'આ શાનો પ્રસાદ હતો?'

મે કહ્યું, 'ખબર નથી.' એટલે બાલ સ્વામીએ કહ્યું, 'એ જાદરીયાનો પ્રસાદ હતો. એ લીલા ઘઉંના પોંકમાંથી બને.'

જાદરીયું નામ, એનો સ્વાદ અને એ હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદ કાયમ યાદ રહી ગયા.

પૂજ્ય ગુરુદેવને પણ ઉપવાસ હતો. મારે પણ ઉપવાસ. પણ મારા ઉપવાસમાં પ્રસાદનો મધુર આનંદ ભળી ચૂક્યો જે કદાપિ ભુલાયો નથી. ■

જગતમાં સંગ અનુપમ સંતકો...

- શાસ્ત્રી શ્રુતિવલ્લભદાસ

આ ભારતભૂમિ હરહંમેશ સત્પુરુષોને વરેલી છે. સત્પુરુષોના પાવનકારી પગલાં અનેક જીવાત્માને ભગવાન સુધી દોરી જાય છે.

ભગવાન સુધી પહોંચતા સત્પુરુષો જ અનેકને ભગવાનમાં જોડી શકે છે. એ મહાપુરુષોની ઓળખાણ જીવને થઈ જાય અને નિષ્કપટભાવે મન-કર્મ-વચને સેવી લે, તો બેડો પાર થઈ જાય!

કાં તો ભગવાન કાં એમના મોકલેલા સત્પુરુષો આ પવિત્ર ધરતીમાં વિચરતા જ હોય છે. એમનો એ જ પરિશ્રમ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે આ ધરાના જીવોને પુરુષોત્તમનારાયણની ઓળખાણ થાય અને આધિ-વ્યાધિ-ઉપાધિના તાપથી શેકાતો મટી સુખિયો થાય.

આ કળિયુગમાં સાક્ષાત્ અક્ષરાધિપતિ શ્રીહરિ અનેક મુક્તોને લઈ પોતાની ઓળખાણ આપવા અને મૂર્તિનું સુખ આપવા સ્વયં પધાર્યા, પણ જીવની અવળાઈનો કોઈ પાર નથી. ઘર બેઠા ગંગા આવી, છતાં પણ ગુણાતીત સત્સંગમાં સ્નાન કરવાનો વિચાર નથી આવતો.

બુદ્ધિનાં તર્કને તાળા મારી, પોતાની મનની માન્યતાઓ મૂકી સદ્‌ગુરુને શરણે થઈ જાય તો જીવ ભવસાગર તરી જાય.

આવા વિષમકાળમાં પણ સંતનો જોગ થયો છે, એથી બીજો સુવર્ણકાળ કયો હોઈ શકે? પોતાનું આત્યંતિક કલ્યાણ કરવાનો, ત્રિગુણાતીત મહારાજનું સુખ માણવાનો આ અવસર છે.

"અમૃતરસ મેલી રે, કે વિખ હું નહિ ચાખું;
રસિયા તમ વિના રે, કે વહાલું નહિ રાખું,
અવસર આવ્યો રે કે તમને ભજવાનો."

આ તો શ્રી હરિનો રસ પીનાર બ્રહ્માનંદની ખુમારી છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી મહારાજ પ્રત્યેનો પ્રેમ અને પ્રાપ્તિનો આનંદ રજુ કરે છે. આપણને પણ આજે પ્રભુ ભજવાનો અવસર પ્રાપ્ત થયો છે. સાથે સાથે આપણે ભાગ્યશાળી છીએ કે પરમ હિતકારી સંતનો ભેટો થઈ ગયો છે.



સંત એ ખરેખર જીવના હિતેચ્છું છે, નહિ તો પામર-પાપી જીવનું કલ્યાણ ન થાત. જીવને કોઈ ટકોર કરનાર જોઈએ. નારદજી જેવા સંતની એક ટકોરથી અનેક વાલિયા લૂટારાના જીવન વાલ્મિકિ ઋષિ જેવા પ્રાતઃસ્મરણીય બન્યા છે.

એ, લીલાખા ગામનો ક્રૂર-ભયંકર-હિંસક માણસ... લૂંટફાટ એ જેનો ધંધો છે. પશુઓનો શિકારી, ઘેટાં-બકરાનું તાજુ માંસ ખાવાનો ભારે શોખીન, દારુ-માંસનો વ્યસની, ધર્મ શું કહેવાય એની જેને ખબર નથી. એ પાપના પહાડ મુંજાસુરુ, જેના નામથી આખો પંથક ધ્રુજતો હોય.

આજ એનો સુવર્ણકાળ આવી ચૂક્યો છે. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો ભાદર નદીને કિનારે આંખો મીંચી ધ્યાન કરવા બેઠા છે. ત્યાં આ અધર્મી પશુઓની હિંસા કરી, પાણી પીવાને વાસ્તે ભાદર નદીને કિનારે આવ્યો. અહીં એની દૃષ્ટિ પરબ્રહ્મરસમાં લીન એ સંતો ઉપર પડી. ઘડીક તો મુંજો સુરુ સ્થિર થઈ ગયો. "આહાહા! આ કોણ?"

લોખંડના ટુકડા ઉકરડામાં પડ્યા હોય, તો પણ ચુંબકમાં ખેંચાયા વિના રહે નહિ. પાપમાં ખદબદતો મુંજા સુરુનું મન આ મહાપુરુષમાં સ્થિર થઈ ગયું. આસુરી વૃત્તિ શાંત થઈ ગઈ.

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ આંખ ઉઘાડી. આ ભરાડી મુંજા સુરુ ઉપર દૃષ્ટિ કરી. જાણે સ્વામી આજ દયા વરસાવાના હોય.

"સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત;
દયા રહી છે જેના દલમાં, નથી ઘટમાં ઘાટ...સંત
જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટાવવા ઇયળનું અંગ;

તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ...સંત"

એકબાજુ પાપી અને બીજીબાજુ મહાન પવિત્ર સંત. ચાર આંખ ભેળી થઈ. મુંજોસુરુ નીચું જોઈ ગયો. જાણે એ પાપનો સ્વીકાર કરી પસ્તાવો કરતો હોય.

સ્વામી આ જીવને પારખી ગયા. નજીક બોલાવ્યો. નામ-ગામ પૂછ્યું. સ્વામીની નજર ખંભે લટકતાં થેલાં ઉપર પડી. "અરે! મુંજા! આ શું છે?"

"મહારાજ ! એમાં મે કરેલા શિકાર." મુંજો સુરુ બોલ્યો.

સ્વામી કહે, "મુંજા ! આમને આમ ક્યાં સુધી મુંગા પશુઓની હિંસા કરી પેટ ભરવું છે ? એનો તે કયો દોષ કે તેના જીવન તે હણી લીધા. મુંજા ! કરેલા કર્મનું ફળ ભોગવવું પડશે. આથી તારુ પેટ નહિ પાપ ભરાઈ રહ્યું છે. તે કરેલા આ પાપનું ફળ નરકમાં ભોગવવું પડશે. જેની અસહ્ય પીડા છે. જમના ધોકા સહન નહીં થાય."

નરકની વાત સાંભળતા જ મુંજો સુરુ બોલ્યો, "મહારાજ ! નરક તો તમે બધા બાવાઓએ ઉભા કરેલા છે, નરકમાં હું નથી માનતો."

સ્વામીએ વિચાર કર્યો આ જીવ એમ પાછો નહિ વળે. સ્વામીએ ચપટી વગાડી અને મુંજો સુરુ સમાધિમાં. સ્વામીએ સમાધિમાં જમપુરી દેખાડી. જે પ્રાણીઓની હિંસા કરી હતી તે બધા પ્રાણીઓ મુંજા સુરુને ફાડી ખાવા લાગ્યા. મુંજો સુરુ બૂમો પાડતો "બચાવો, બચાવો." ત્યાં કોણ બચાવે ? પાપનું અસહ્ય ફળ ભોગવતો પરસેવાથી શરીરે રેબઝેબ થઈ ગયો.

સ્વામીએ ચપટી વગાડી જાગૃત કર્યો. "મહારાજ ! એ મહારાજ !" કરતો સ્વામીના પગમાં પડ્યો. "મહારાજ ! મને બચાવો. આવા દુઃખથી મને બચાવો. મારાથી બહુ મોટી ભૂલ થઈ."

આંખમાંથી અશ્રુધારા ચાલી જાય છે. સ્વામીએ આશ્વાસન આપી કહ્યું, "આજથી ભગવાન તારા ગુના માફ કરશે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ લેજે. હવે ફરી આવા કર્મો કરતો નહિ."

સ્વામીએ મહારાજની ઓળખાણ કરાવી કંઠી બાંધી ભગવાનને શરણે લીધો. પંચવર્તમાન પાળવાની આજ્ઞા કરી. મુંજા સુરુનું હૃદય પલટાઈ ગયું. કાદવમાં કમળ ખીલાવવાનું કામ સંત જ કરી શકે છે.

જીવ સાચા સત્પુરુષને ઓળખી પોતાના જીવનને સોંપી દે, તો એનો આ મનુષ્ય જન્મ સાર્થક થઈ જાય.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે , "કોટી જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય, ને બ્રહ્મરુપ કરી મૂકે. જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો!"

આ એ સદ્‌ગુરુના શબ્દો છે જેના સમાગમથી અનેક બ્રહ્મરુપ થઈ ગયા! સાચા સાધુ કોને કહેવાય? તો પોતામાં અપાર સામર્થી હોવા છતાં પોતામાં નહિ પણ ભગવાનમાં જોડે તે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એક હરિજનનું કાંડુ ઝાલીને બોલ્યા, "ખબરદાર! સંકલ્પ કર્યો છે તો!" ત્યારે એ ભક્તના સંકલ્પો બંધ થઈ ગયા. જે બીજાના મનને વાંચી શકે, પકડી શકે ને દબાવી શકે એ પુરુષ કેટલા શક્તિશાળી હશે ! યોગીઓ પણ મનની ગતિને રોકી શક્યા નથી, પણ આ સંતપુરુષ માટે રમત વાત હતી. એમનો મહિમા સમજવો એ તો "तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम्" હાથ બળે મહાસાગર તરવા જેવું દુર્લભ છે.

સમુદ્રના પાણીને કોઈ માપી શક્તું નથી, તેમ આપણી બુદ્ધિ એ મહાપુરુષને માપી શકે નહિ, પણ એટલું તો ચોક્કસ સમજી શકીએ છીએ કે એ આપણા જેવા નથી જ. એની ક્રિયા માયિક હોવા છતાં અમાયિક અને ત્રિગુણાતીત છે.

જેના રોમેરોમમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા છે અને જે મહારાજની મૂર્તીમાં મસ્ત છે, એની મસ્તી તો જુદી જ હોય. તે તો જે માણે તો જાણે. જેમ માછલીને જળ એમ સ્વામીને મહારાજની મૂર્તિ. એ વિના એક ક્ષણ પણ રહી ન શકે.

સ્વામીએ એક વખત હરિભક્તને બોલાવીને કહ્યું, "મારે તો હજારો ક્રિયા કરાવવી પડે, પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય."

* બુદ્ધિનાં તર્કને તાળા મારી, પોતાની મનની માન્યતાઓ મૂકી સદ્‌ગુરુને શરણે થઇ જાય તો ભવસાગર તરી જાય.
* સમુદ્રના પાણીને કોઇ માપી શકતું નથી, તેમ આપણી બુદ્ધિ એ મહાપુરુષને માપી શકે નહિ, પણ એટલું તો ચોક્કસ સમજી શકીએ છીએ કે એ આપણા જેવા નથી જ. એની ક્રિયા માયિક હોવા છતાં અમાયિક અને ત્રિગુણાતીત છે.

ત્યારે પૂછ્યું જે, "હજારો ક્રિયા કરાવો ને તેલધારાની પેઠે ભગવાનને અખંડ રાખો, એમ તે કેમ રહે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે તમારો દેહ વિસરો છો ?" ત્યારે કહ્યું જે, "ના મહારાજ !" પછી સ્વામી બોલ્યા જે, "જો તમે તમારો દેહ વિસારો તો હું મહારાજની મૂર્તિ વિસારું. કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલે-ચાલે ને ક્રીડા કરે છે, તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ....".

સ્વામીને જેવું મહારાજનું તાન છે એવું જ તાન આ જીવને ભગવાનમાં જોડવાનું છે. જીવને નિર્વાસનિક કરી બ્રહ્મરુપ કરવા એ જાણે સ્વામીનું વ્રત હતું.

સ્વામી સ્વયં પોતાના પૂર્વાશ્રમમાં બનેલી ઘટના યાદ કરે છે. "અરે, એક દિવસ મહારાજે મને પૂર્વાશ્રમમાં હતો ત્યાં આવીને કહ્યું જે, 'શું કરવા આવ્યા છીએ ? ને શું કરો છો ? બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !' એમ કહીને દેખાણા નહિ. તે દિવસથી જીવોના કલ્યાણ થાય તેમ જ કરીએ છીએ. અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્નો પૂછાવ્યા, તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતો કરવી. એ ચારમાં અધિક કોણ છે ? તે કહો."

પછી મહારાજે કહ્યું જે, "વાતો જ અધિક છે." તે દિવસથી મેં વાતો કરવા માંડી છે. તે રાત-દહાડો સોપો જ પડતો નથી. જેથી જીવ બ્રહ્મરુપ થઈ જાય છે."

આપણે સહુ ભાગ્યશાળી છીએ કે એ જ ગુણાતીત પરંપરાનો આપણને યોગ થયો છે. વર્તમાન સદ્‌ગુરુઓનો મહિમા સમજી ઘર બેઠે ગંગામાં સ્નાન કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. પ્રગટનો મહિમા હોવો જોઈએ. સાકરની મીઠાસનો સ્વાદ વાતુ કરે ન આવે, એ તો જે મોઢામાં મૂકે એને આવે. ગુણાતીત જોગમાં આવે ને જીવ મહારાજના રંગે ન રંગાય એવું બને નહિ.

એવા અક્ષરાતીત પુરુષોત્તમનારાયણનો ગુણાતીત વારસો પ્રાપ્ત થયો છે. એવા સત્પુરુષનો મહિમા સમજી એને મન-કર્મ-વચને સેવી જીવન ધન્ય બનાવીએ...

તિન તાપકી ઝાલ જ્યોં પ્રાની કોઇ આવે,
તાકુ શીતળ કરત તુરત દિલદાહ બુઝાવે.
કહિ કહિ અમૃત બેન રૈન અગ્યાન નિકાસે,
પ્રગટ હોત પહિયાન જ્ઞાન ઉર ભાનું પ્રકાશે.
વૈરાગ્ય ત્યાગ રાજત વિમલ ભવદુઃખ કાટત જંતકો,
કહે બ્રહ્મમુનિ આ જગતમેં સંગ અનુપમ સંતકો.

■

અનુસંધાન સામેના પાનાનું...

૨. જેઓ હજુ હમણા જ સંપ્રદાયમાં જોડાયા છે, અથવા કહો કે જેમને સંપ્રદાય પ્રત્યે આદરભાવ છે.

૩. જે લોકો નિષ્પક્ષ રીતે જાણવા માંગે છે કે સ્વામિનારાયણ અને તેમનો સંપ્રદાય શું છે ? સ્વામિનારાયણ એ મહાપુરુષ હતા કે ભગવાન છે ? કેવી રીતે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે ?

આ પુસ્તકનો ખૂબ જ પ્રચાર અને પ્રસાર થવો જોઈએ. એસ.જી.વી.પી. પરિવારના દરેક સભ્યએ આ જવાબદારી સ્વીકારી બને એટલા પ્રયત્નો કરવા જોઈએ. ચાતુર્માસમાં આ પુસ્તકના પાઠનો નિયમ લેવાય તો એમાં મને કોઈ દોષ જણાતો નથી. સંપ્રદાયના દરેક મંદિરો અને સ્ટોરમાં આ પુસ્તક મળવું જોઈએ. આ પુસ્તકની કથા/પારાયણો થવી જોઈએ. આ પુસ્તક ઘરસભા માટે અતિ ઉત્તમ છે. ભૂમિકા સહિત વાંચવાથી અધ્યાત્મનો મહિમા ખૂબ વધશે. નાના બાળકોને આ પુસ્તકમાંથી જ વાર્તારૂપે ચરિત્રો કહેવા. એ જ તેમની રસપ્રદ વાર્તાઓ બની જશે.

મને સંપૂર્ણપણે ખાતરી છે, કે આ પુસ્તક જ્યારે તમે લખતા હશો ત્યારે તમને અનેક વખત દિવ્ય અનુભૂતિઓ થઈ જ હશે. તમે એના વિષે જો ન લખો તો કંઈ નહિ, પણ તમારા મુખે જ આ સાંભળવા મળે એવી મને આતુરતા છે.

શત શત વંદન મહારાજને અને મહારાજ વિષે લખનાર આપશ્રીને.

આ ગ્રંથના વાંચન પછી મને એવો અહોભાવ જાગ્રત થયો છે કે સમગ્ર એસ.જી.વી.પી.પરિવારના ગુરુ તરીકે આપ શ્રી ખૂબ જ યોગ્ય છો. તમે સંપ્રદાયને ખૂબ જ સાર્વત્રિક રીતે સમજ્યા છો. તમારી દીર્ઘ દૃષ્ટિ સ્વામિનારાયણ સંપ્રદાયને જ નહિ, પણ સમગ્ર હિન્દુ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે યોગ્ય છે. આપનું ચિંતન, મનન અને અનુસરણ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ હોવાની એક સુંદર ભાત પાડે છે. ગુણાતીત પરંપરાના સર્વે ગુરુજનોના આશીર્વાદ મેળવવાને યોગ્ય છો.

અહોભાવપૂર્વક દંડવત પ્રણામ,
જય શ્રી સ્વામિનારાયણ. ■

- ચેતન મનસુખલાલ પટેલ (ભુંગાણી)
પ્રાધ્યાપક, આર. કે. યુનિવર્સિટી, રાજકોટ

એક વાચકનો પત્ર...

પરમ પૂજ્ય સદગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામી,

આપના દ્વારા લખાયેલી "શ્રી સ્વામિનારાયણ ચરિત્રગાથા" વાચી. ખૂબ જ આનંદ આવ્યો. આ પત્ર તમને એના પ્રતિભાવના ભાગ રૂપે લખી રહ્યો છું.

મને બાળપણથી જ પુસ્તકોનો શોખ રહ્યો છે. એમાં પણ જયારે ચરિત્ર ગ્રંથો વાચવા મળે, ત્યારે તો ખૂબ જ મજા પડી જાય. રામાયણનો પાઠ હું લગભગ દરરોજ કરું છું. ઘણા ચરિત્ર ગ્રંથો મેં વાચ્યા છે, પણ આ પુસ્તક વાચવાની તો કઈક અનેરી જ મજા પડી. ગ્રંથનું આલેખન ખૂબ સરસ થયું છે. મને નીચે પ્રમાણેની ખાસયતો જણાઈ છે.

૧. આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમગ્ર જીવન અને કવન છે, પણ એથી વિશેષ એમાં સ્વામિનારાયણ સંપ્રદાય વિષે અતિશય છણાવટ પૂર્વક લખવામાં આવ્યું છે.

૨. સ્વામિનારાયણ ભગવાન વખતે એ સમયમાં કેવું વાતાવરણ હતું, કેવી તકલીફો હતી એ અંગેનું ખૂબ જ સરસ વર્ણન મળે છે.

૩. મહારાજના જીવન સાથે સંપ્રદાયના દરેક મુખ્ય સંતો-ભક્તોના પણ જીવન આલેખાયેલા છે.

૪. સંપ્રદાયના મૂળ ગ્રંથો, રીતિ-રીવાજો વગેરેનું સુંદર વર્ણન છે.

૫. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અવતાર કાર્ય લખાયેલું છે. કેવી રીતે આ અવતાર થયો ? કેવી રીતે જનમાનસમાં પહોચ્યો ? લોકો કેવી રીતે આશ્રિત થયા ? ભારાડી લોકોને પણ કેવી રીતે ભગવાને વાર્યા ?

૬. મહારાજ કેવી રીતે સર્વોપરી છે ? કેવી સામર્થિ પ્રગટાવી ? વગેરે...

૭. સંપ્રદાયમાં આચાર્યોની વરણી અને શ્રીજી મહારાજના અંતર્ધાન થયા તે પછીની વ્યવસ્થા.

૮. ખૂબ જ નીડરતા રાખીને કોઈ પક્ષમાં લેવાયા સિવાય નિષ્પક્ષ રીતે લખાણ થયેલું છે.

૯. એક જ ગ્રંથમાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય વિષે આટલી છણાવટ પૂર્વક હજુ સુધી કોઈએ લખેલું નથી.

૧૦. ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક સ્તરની ખૂબ સરસ વાત. વિજ્ઞાન અને ધર્મના સંયોજનની સુંદર વાત.

૧૧. બંને પરિશિષ્ટ ખૂબ સરસ લખાયા છે.

૧૨. અન્ય ભાષામાં અનુવાદન થવું જ જોઈએ. સંપ્રદાયને ગુજરાત અને ભારત બહાર લઈ જવામાં આ પુસ્તક બહુ મોટો ફાળો આપે એવું છે, જો એમનો અન્ય ભાષામાં અનુવાદ થાય.

૧૩. નાના મોટા દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઈએ.

૧૪. નીલકંઠ યાત્રા એટલી સરસ લખાયેલી છે, કે એ જયારે વાંચતા હોય ત્યારે કોઈક સસ્પેન્સ વાર્તા/પિક્ચર જોતા હોય એટલું રસપ્રદ લાગે.

૧૫. આ પુસ્તક વાંચ્યા પછી મને એવી ઈચ્છા થઈ છે કે સમગ્ર નીલકંઠ યાત્રા કંઠસ્થ કરવી અને આ દિશામાં મેં પ્રયત્નો પણ શરુ કરી દીધા છે.

ગ્રંથ વાંચતા વાંચતા મને અનેક વખત એવી અનુભૂતિ થઈ છે, કે આ ગ્રંથ લખવાની પ્રેરણા મહારાજે જ કરી છે. નહીં તો આટલું સુંદર લખાણ થાય નહીં. કેટલા બધા ચરિત્રોએ મને રડાવ્યો છે અને આ બધા જ ચરિત્રો પહેલી વખત જ વાચતો હતો, તેવું પણ નથી. વારે વારે મનનીય પુસ્તક છે. પુસ્તક વાંચીને સંપ્રદાયને ખૂબ જ મોટા ફલકમાં જોવાની દ્રષ્ટિ મળી છે. સંપ્રદાયમાં હજુ પણ મહારાજ પ્રગટ છે, એવી મારી શ્રદ્ધા દૃઢ થઈ છે.

આ પુસ્તક ત્રણ વર્ગના લોકોએ તો અવશ્ય વાંચવું જોઈએ. એ ત્રણ વર્ગ કયા?

૧. જેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત છે.

અનુસંધાન સામેના પાને...

તમારો જીવ બહું ટૂંકો...!

- હરદાસભાઈ સાવલીયા

પૂનમીયો ચાંદ સોળે કળાએ ખીલ્યો હતો. આભમાં ઊભરાઈ પડેલા તારલાની ટોળી મરક મરક હસતી હતી.

આવી વેળાએ ગામ કંથકોટમાં મહારાજ કચરા ભગત લુહાણા હરિભક્તની ખડકીએ આવ્યા ને ખડકીના બારણાંની સાંકળ ખખડાવી, ત્યારે અંદરથી પડકારો કરી કચરા ભગતે ખાટલામાં પડખું ફેરવી કહ્યું, "એ... જે હોય તે બાપલિયા વયા આવો... ખડકીને ધક્કો મારો, ઈ ખુલ્લી જ છે."

તોએ ખડકીની બીજી વખત સાંકળ ખખડી એટલે ઓસરીની કોરે ખાટલેથી કચરા ભગત ઊભા થઈ, કાગાનિંદરમાં આંખો ચોળતા બોલ્યા, "હા ભાઈ હા... જાગતો પડ્યો છવ. અટાણે અહુર ટાણે તમારે એવી તે શી ઉતાવળ ફાટી જાય છે તે ખડકી ખખડાવી રહ્યા છો? જુવો તો ખરા હજુ તો શાકભાજીને આવવાનું ટાણુંય થયું નથી!"

"અરે ભગત! અમે કોઈ શાકભાજીના ઘરાક નથી! આંખો ઉઘાડી જુવો તો ખરા?" મહારાજે પ્રત્યુત્તર કહેતા જ કચરા ભગતે તેનો અવાજ પારખ્યો ને ઉતાવળે પગલાં માંડી ઝડપ દઈ ખડકી ખોલી.

"અરે... અહોહો... મહારાજ! આવા ટાણે તમે ક્યાંથી?"

"હા... અમે જ છીએ, અટાણે વાતમાં વખત વીતાવવો નથી. ઝટ અમને ક્યાંક સંઘરો!"

"કાં, એવું તે શું છે? ઓલ્યા કાળયવન જેવું કોણ પાછળ પડ્યું છે?"

"કોઈ નથી, પણ ઓલ્યા બ્રહ્મચારી પાછળ આવે છે. અમે તેને ના કહી તોએ ખેધો મેલતા નથી. અહીં આવે ને તમને પૂછે તો ના કહી દેજો, અમને છતા ન કરતા."

"ભલે મહારાજ!" કહી મહારાજને કચરા ભગતે ઘરમાં રાખ્યા. પ્રભાતના ફોરા અજવાળા છૂટ્યા ને લોકોનો આછો આછો પગદંડો શરૂ થયો. ખેડૂતના સાંતીડા સીમઢાળા નીકળ્યા. ખેતરૂમાં કામ મંડાયા, એટલે ગામમાં થોડો થોડો સવળાટ વધ્યો. કૂવા કાંઠે બાયુંના બેડાં ખખડવા માંડ્યાં. ક્યાંક ઘરમાં છાશુના વલોણાંના ધમકારા થવા લાગ્યા, તો કોઈ વાસીદે વળગ્યું ને કોઈ રોટલા ટીપવા લાગ્યું. કચરા ભગતે ઊઠીને મોં ધોઈ તેની દુકાન ખોલી સાફસૂફ કરી. શાકભાજી ગોઠવવાની તૈયારી કરી. ત્યાં શાકભાજી આવ્યા તે ગોઠવવા માંડ્યા. એ વખતે બ્રહ્મચારી કચરા ભગતની દુકાને આવ્યા અને બોલ્યા, "ભગત! જય સ્વામિનારાયણ!"

"ઓહ! અરે, અટાણના પૌરમાં તમે? બ્રહ્મચારીજી જય સ્વામિનારાયણ! શું કાંઈ આમ એકલા? કાંઈ કામે નીકળ્યા છો કે?"

"ના રે! મારે વળી બીજું શું કામ હોય? પણ મહારાજ અહીં આવ્યા છે?"

"ના... રે..." વાણિયાગત કરતા લુવાણાએ ભારે ચાલાકીથી જવાબ આપ્યો ને વાતને આડે માર્ગે વાળતા કહ્યું, "બ્રહ્મચારી! અહીં તો અડધી રાતનો જાગું છવ. આ ધંધાની પળોજણમાં સરખી ઊંઘેય થતી નથી. મહારાજ શું રિસાઈને નીકળ્યા છે? અહીં હોય તો હું જાણું તો ખરો ને?"

બ્રહ્મચારી તો કચરા ભગતની વાત સાંભળી પગ ઢસડતા આગળ ચાલતા થયા.

કચરા ભગતે દુકાને શાકભાજીની સરખી ગોઠવણ કરી ને તોલા-છાબડા-કાંટો બરાબર રાખીને ઘરમાં જઈ મહારાજને વાત કરી, "મહારાજ ! બ્રહ્મચારી હમણાં જ આવ્યા હતા."

"તેમણે તમને કાંઈ પૂછ્યું ખરું ?" મહારાજે પૂછ્યું.

"હા... તે કહે, મહારાજ અહીં આવ્યા છે ? મેં ના કહી તે ચાલતા થઈ ગયા."

"ઠીક કર્યું, લ્યો, હવે અમને ભૂખ લાગી છે કચરા ભગત !"

"તો તમે ઘડીકવાર દુકાને બેસો. ત્યાં હું રોટલો ટીપી લઉં !"

"ભલે !" કહી મહારાજ નાહ્યા-ધોયા ને દુકાને જઈ બેઠા. તો કચરા ભગત ચૂલો સળગાવી રોટલો ટીપવા લાગ્યા. એ વખતે ગામમાંથી એક કોળી લીલાબાઈ આવી ને રીંગણાં વીણવા માંડી.

"બાવાજી ! કચરો શેઠ ક્યાં ?"

"કાં, તેનું કાંઈ કામ છે ?"

"ના... મારે શાક લેવું છે."

"તે આ ઢગલા પડ્યા, લ્યોને ? અમેય આપશું. કાંઈ કૂકડો બોલે તો જ સવાર પડશે એવું નથી !"

બાઈ તો વીણી વીણી છાબડામાં રીંગણા નાખવા લાગી, ત્યારે મહારાજ બોલ્યા, "કેટલા લેવા છે ?"

"શેર, કરો..." બાઈએ કહ્યું.

મહારાજે છાબડામાં શેરનું તોલું મેલ્યું ને કાંટાની દાંડી પર નજર માંડી ત્યારે જરાક રીંગણાં નમતા જોઈ, રીંગણું એક કાઢી લઈને નાનું રીંગણું બદલી મેલ્યું. એ જોઈ બાઈ બોલી, "અરે બાપજી ! આ કાંઈ ઘી નથી, એવી ચીકણાઈ કાં કરી તોળો છો ? એમ કાંટોકાંટ આપો છો, તે જરાક તો નમતું રાખો !" એમ કહી સાડલાનો છેડો પહોળો કરી એક રીંગણું તેમાં નાખીને કાંટાના રીંગણાં લેવા છેડો લાંબો કર્યો.

મહારાજે છેડામાં એક રીંગણું જોયું ને તોળેલા રીંગણાંમાંથી એક રીંગણું પાછું ઢગલા ભેળું નાખ્યું. એટલે બાઈ બોલી, "બાવાજી ! તમે તો બવ ચીકણા, તમારો જીવ બહુ ટૂંકો હોં...!"

"હા, બાઈ ! ઝાઝી ધડ્ય ન કર્ય. લેવા હોય તો લ્યો ! નકર પાછા ઠલવો. જેમ આવતા હોય એમ આવે. એ ત્રણ ગાઉથી આવે છે. ઘોડાનેય લાવતા ભાઠા પડે છે, કાંઈ મફત નથી આવતા !"

"લે, બાવાજી ! બવ આકરા તમે તો ? ભગત તો તોળ્યા પછી એકાદ રીંગણું માથે વધારાનુંય નાખે." એમ કહી બાઈએ પૈસા આપ્યા ને એક રીંગણું પાછું લઈ છેડામાં નાખ્યું. મહારાજે તે દેખીને પાછું લેતા કહ્યું,

"રે'વા દે બાઈ. લોભ રે'વા દે ! લેવું હોય તો લે નહીં તો બધા રીંગણાં પાછા મેલ્ય. અમારે વેચવા નથી." એમ કહીને રીંગણાંનો ઢગલો સરખો કરવા માંડ્યો.

બાઈ થોડી શરમાઈ ગઈ ને હાલતી થતા બબડવા લાગી, "આવા ભેખ પેરનારા, જ્યાં ત્યાં મફતનું ખાનારા, અટાણના પોરમાં ભટકાણાં, તે ખબર હોત તો આવત નહીં. કામનો પાર નથી, તે તેની હાર્યે ધડ્ય શું કરે ?" એમ બોલતી હાલી ગઈ.

કચરા ભગત રોટલો ટીપી તાવડીમાં નાંખી મહારાજની વડ્યચડ્ય જોતા હતા. તે હળવેકથી બોલ્યા,

"આ કરમ પ્રમાણે જીવને સુખ-દુઃખનું ફળ દેનારા વેપારમાં પણ છેતરાય નહીં. મહારાજે બરાબર તોળીને આપ્યું છે."

તે પછી કચરા ભગતે મહારાજને શિરામણ કરાવ્યું. દિ' ઊગું ઊગું થતા મહારાજ જવા તૈયાર થયા. ત્યારે કચરા ભગતે કહ્યું, "મહારાજ ! પેલી બાઈને તમે બરાબર તોળીને રીંગણાં આપ્યાં હોં."

"હા, ભગત ! એ બાઈ હતી કોણ ? માળી ચોરટી લાગી. રીંગણું એક એણે સાડલાના છેડે સંઘરેલું અમે દીઠું તેથી અમે કાંટાથી ઊતરેલ રીંગણામાંથી એક રીંગણું સેરવી લીધું, નહિ તો ખોટ્યનો વેપાર થાત."

"હા, મહારાજ ! ખરું કર્યું. એ લીલાબાઈ એવી માથાભારે છે. મુખીના દીકરાની વહુ છે. ફાટી ફરે છે. હાથની મેલી છે. કોઈનું સીમમાં, શેઢેય કાંઈ ભાળે તો ઘર ભેગું કરે. એના ધણીની ધાકે કોઈ કાંઈ ન બોલે. એને તો તમે આજ પુગ્યા."

"લ્યો, મેલો એની મોંકાણ ભગત ! અટાણમાં ભગવાન સંભારો. હવે અમે જઈએ છીએ. જય સ્વામિનારાયણ."

કચરા ભગતે પગે લાગી 'જય સ્વામિનારાયણ' કહ્યા, મહારાજ ચાલતા થયા. આગળ જતાં આવતા ગામને પાદરે બ્રહ્મચારીને ભેળા થયા ને કહ્યું, "અરે... બ્રહ્મચારી ! તમે તો અમારાથી મોર્ય નીકળી ગયા. અમે તો તમારી રાહ જોતા રસ્તામાં ઠેરાતા બેઠા હતા."

"લ્યો, હવે રાખો રાખો, અમે બધું જાણીએ છીએ." કહી બન્ને સાથે ચાલવા લાગ્યા. ■

સમાચાર દર્શન

આમ્રકૂટોત્સવ

ભારતીય સંસ્કૃતિ સંસ્કારને વરેલી છે. હિન્દુ ધર્મના તમામ તહેવારો સંસ્કારથી સભર હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકમાં ઉજવાતા તમામ સામાજિક તહેવોરોને ધાર્મિક ઉત્સવમાં ફેરવી નાખ્યા છે. એમાં પણ ગુરુકુલ દ્વારા ભગવાનની ભક્તિને સમાજની સેવા સાથે જોડી સમાજને અનોખો પ્રેરણાનો માર્ગ બતાવ્યો છે.

ઉનાળાનો સમય એટલે ફળોનો રાજા કેરીની મોસમ. પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની દૃષ્ટિ કેરીઓ ઉપર પડી અને અનોખો ઉત્સવ ઉજવાયો. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ ખાતે તારીખ ૫-જૂનના રોજ ભવ્ય આમ્રકૂટોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં અમદાવાદ, કચ્છ, ઉના, રાજકોટ વગેરે જુદા જુદા શહેરોમાંથી ભક્તજનોએ મોકલેલી ૬૦૦૦ કિલો ઉપરાંત કેરીઓ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવાવામાં આવી. ચંદનના વાઘાથી શોભતા શ્રી રામ-શ્યામ-ઘનશ્યામન મહારાજની નીશ્રામાં ધરાવેલ ભવ્ય આમ્રકૂટના દર્શન કરી સંતો-ભક્તોએ ધન્યતા અનુભવી. ત્યારબાદ 'ભાવ્યં દીનેશું વત્સલૈઃ' શ્રીજી મહારાજના આ સંદેશને અનુસરતા તમામ પ્રસાદરુપ કેરીઓ ગરીબોને વહેંચવામાં આવી. કાળા તડકામાં તનતોડ મહેનત કરતા દરિદ્રો અને એમના નાના નાના બાળકોને જ્યારે કેરી જમતા જોયા ત્યારે સ્વયંસેવકોની આંખો ભીંજાય ગઈ.

આ ઉપરાંત આજરોજ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ધગધગતા રસ્તાઓ ઉપર ખૂલ્લા પગે ચાલતા નાના બાળકો, મહિલાઓ તથા અન્ય લોકોને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલ પરિવાર દ્વારા ૨૦૦૦ જોડી ચંપલ-સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સત્સંગ સમારોહ, રાજકોટ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ SGVP દ્વારા રાજકોટ ખાતે સહજાનંદ ધામની સ્થાપના થઈ છે. અહીં અવાર-નવાર સત્સંગ સભાઓના વિવિધ આયોજનો થતા રહે છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના આશીર્વાદ સાથે તારીખ ૨૯ થી ૩૧ મે દરમિયાન ત્રિદિવસીય સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં રોજ રાત્રે ૮ થી ૧૧:૩૦ દરમિયાન પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી વગેરે સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી કથાવાર્તાનો લાભ લીધો હતો.

સમર કેમ્પ

SGVP દ્વારા દરવર્ષે વેકેશન દરમિયાન અમદાવાદ શહેરમાં વસતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય એ માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ આયોજન બે વિભાગમાં કરવામાં આવ્યું હતું. SGVP ખાતે ક્રિકેટ, ફૂટબૉલ, ટેનીસ, સ્વીમીંગ, વોર્સરાઈડીંગ, પેઈન્ટીગ, ડાન્સ વગેરે આઉટડોર તથા ઈન્ડોર રમતો તેમજ વિવિધ કળાઓમાં વિદ્યાર્થીઓનો વિકાસ થાય એવા હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ ગુરુકુલ ખાતે પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓ સંગીત ક્ષેત્રે પોતાની પ્રતિભા ખીલાવી શકે તેવા હેતુથી ગાયન તથા વાદનના કી-બોર્ડ, વાયોલીન, તબલા, ડ્રમ વગેરે ઈન્સ્ટુમેન્ટની તાલીમ આપવામાં આવી હતી. આ બન્ને કેમ્પમાં કુલ ૭૦૦ ઉપરાંત દીકરા-દીકરીઓએ ભાગ લીધો હતો.

ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-6

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૨૪ માર્ચથી ૧૧ જૂન દરમિયાન SGVP SURYA SPORTS ACADEMY દ્વારા GPL-6 (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઑલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ ટેનીસ બોલ ક્રીકેટ ટુર્નામેન્ટ તથા સુપર સેવન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને ટૂર્નામેન્ટમાં ૨૦૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ તારીખ ૧૧ જૂનના રોજ રમાઈ હતી. જેમાં 'સાઈબાબા ઈલેવન' ટીમ વિજેતા રહી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, ટૂર્નામેન્ટના સ્પોન્સર્સ વિશ્રામભાઈ પટેલ (સીશલ્સ), ડી.જી. વણજારા (પૂર્વ ડી.આઈ,જી. ગુજરાત), ભારતીય ક્રીકેટ ટીમના પૂર્વ પ્લેયર અતુલ બોદાડે, શ્રી લકધીરસિંહ ઝાલા(ડી.વાઈ.એસ.પી. અમદાવાદ)વગેરે ઉપસ્થિત

મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને ૨,૫૧૦૦૦ રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ નીલકંઠ ઈલેવન ઈલેવનને ૧,૨૫૦૦૦ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને ૧૧,૦૦૦૦ ઉપરાંતં રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

સત્સંગયાત્રા - યુ.કે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તા. ૨૫, મેના રોજ યુ.કે. સત્સંગ યાત્રાએ પધાર્યા છે. આ પ્રસંગે **SGVP** ગુરુકુલ પરિવારના આગેવાન ભક્તજનો, કચ્છના ભાવિકોએ એરપોર્ટ ઉપર સ્વામીજીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. જેમાં રવજીભાઈ હિરાણી, ગોવિંદભાઈ કેરાઈ, ગોવિંદભાઈ રાઘવાણી, હરિવદનભાઈ ભોજાણી, દિનેશભાઈ વરસાણી(ઓમ ટ્રાન્સપોર્ટ), વાલજીભાઈ રાઘવાણી, માવજીભાઈ હાલાઈ, હર્ષદ વેકરીયા, જયેશ રાઘવાણી તથા યુવક મંડળના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સત્સંગ યાત્રા દરમિયાન સ્વામીજી લંડન ઉપરાંત ઓલ્ડહામ, બોલ્ટન, લેસ્ટર, નોર્ધમ્પટન, લ્યુટન, ઈસ્ટ લંડન, કાર્ડિફ, કેમ્બ્રિજ વગેરે યુ.કે.ના વિવિધ વિસ્તારોમાં વિચરણ કરશે. બે મહિનાની આ સત્સંગ યાત્રા દરમિયાન વિવિધ વિસ્તારોમાં હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, સત્સંગ સભાઓ, કથા પારાયણના આયોજન દ્વારા લોકોના હૃદયમાં સંસ્કાર, સત્સંગ અને ભગવદ્ ભક્તિની અભિવૃદ્ધિ થાય તેવા અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા છે.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ, ઓલ્ડહામ

યુ.કે. સ્થિત ઓલ્ડહામ ખાતે આવેલ ઈન્ડિયન એસોસીએશન દ્વારા સંચાલિત શ્રી રાધા-કૃષ્ણ મંદિર ખાતે તા. ૩૦ મે થી ૫ જૂન, ૨૦૧૬ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનયજ્ઞમાં સ્વામીશ્રીએ શ્રીમદ્ ભાગવત તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતાજીને આધારે કર્મયોગ, જ્ઞાનયોગ ભક્તિયોગની વર્તમાન જીવનને અનુરૂપ રસપ્રદ મીમાંસા કરી હતી.

પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'આ મંદિરમાં હિંદુ ધર્મમાં પૂજનીય ગણાતા સર્વદેવો બિરાજે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની પણ અહીં પ્રતિષ્ઠા થયેલી છે, એટલે અમે આ મંદિરને ટેમ્પલ ઓફ હાર્મની કહીએ છીએ. મંદિરમાં બધા જ દેવો સંપીને રહે છે એ જ રીતે અનુયાયીઓએ પણ પરસ્પર સંપ અને સુહૃદભાવથી રહેવું જોઈએ. આપણે મારા-તારાની ભાવનાથી મુક્ત થવું જોઈએ. દેડકા જેવી કુપમંડુકતા માંથી બહાર આવી ધર્મના સાગર જેવા વિશાળ સ્વરૂપ તરફ ગતિ કરવી જોઈએ.'

પૂજ્ય સ્વામીજીના મુખેથી જ્ઞાનયજ્ઞનું પાન કરવા માટે ઓલ્ડહામ, બોલ્ટન, લંડન અને અન્ય વિસ્તારોમાંથી ભક્તજનોનો સમુદાય મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતો હતો.

આ કથા દરમિયાન શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધને આધારે ભગવાન શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, ગોવર્ધન લીલા - અન્નકૂટોત્સવ તથા રૂક્મિણી વિવાહ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. કથા પૂર્ણાહુતિની રાત્રે યુ.કે. સ્થિત ગુરુકુલના વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક દિકરા-દિકરીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ભક્તજનોના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે રાસોત્સવ-ઠાકરથાળીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, પરિણામે શનિવારની રાત રસભરી બની હતી. કથા દરમિયાન પાર્ષદ ઘનશ્યામ ભગતના મુખેથી કીર્તનો સાંભળવા એ પણ એક અનેરો લ્હાવો હતો.

ઈન્ડિયન એસોસીયેશનના પ્રમુખ શ્રી ભરતભાઈ સીસોદિયાએ જણાવ્યું હતું કે, આ મંદિરના વિકાસમાં વર્ષોથી સ્વામીશ્રીની પ્રેરણા અને સહયોગ રહ્યા છે. જેને અમે ક્યારેય ભૂલી શકીએ એમ નથી. મંદિર વતી કમિટીના સર્વ સભ્યોએ પૂજ્ય સ્વામીજીની ભાવવંદના કરી આભાર માન્યો હતો. આ પ્રસંગે સાધુ-સંતોના ઉતારા માટે તૈયાર થયેલ સંત આશ્રમનું પૂજ્ય સ્વામીજીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ કથાના યજમાન તરીકે અ.નિ. પિતાશ્રી શામજીભાઈ માવજીભાઈ પાંચાણી, અ.નિ. માતુશ્રી ધનબાઈ શામજીભાઈ પાંચાણી તથા અ.નિ. સુપુત્રી રોશની હરિશભાઈ પાંચાણીની પવિત્ર સ્મૃતિમાં સુપુત્ર

મનજીભાઈ, ભીમજીભાઈ, હરિશભાઈ તથા કાંતાબેન વગેરે સમસ્ત પાંચાણી પરિવારે લાભ લીધો હતો. ઈન્ડિયન એસોસીયેશનના ટ્રસ્ટીમિત્રો, કમિટિના સભ્યો, જેઠાભાઈ નારદાણી આદિ સ્વયંસેવકો તથા ભાવિક ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ કથાની તૈયારીઓ કરી હતી. શશીભાઈ વેકરીયા તથા દિનેશભાઈ ચોથાણીએ પ્રસંગોપાત સુંદર સભા સંચાલન કર્યું હતું.

સત્સંગ સભા, લેસ્ટર

લેસ્ટર ખાતે આવેલ સનાતન મંદિર એટલે હિંદુ ભક્તોનો આધાર સ્તંભ. હિંદુ ધર્મના તમામ સાધુ સંતો અહીં પધારીને ભક્તજનોને સત્સંગનો અલભ્ય લાભ આપતા રહે છે.

તા. ૫ મે, રવિવારના રોજ સાંજે ૭:૦૦ કલાકે પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સનાતન મંદિરના પ્રમુખશ્રી, ઉપપ્રમુખ શ્રી રમણભાઈ બાર્બર તથા કમિટીના સભ્યશ્રીઓએ અહોભાવથી પૂજ્ય સ્વામીજી તથા સંતોનું સ્વાગત પૂજન કર્યું હતું.

કથા શ્રવણ કરવા એકત્રિત થયેલા ભક્તજનોને સત્સંગનો લાભ આપતા પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, "ભગવાનના ભક્તોએ ભગવાનના નામનો જપ કરવો જોઈએ. સર્વ યજ્ઞોમાં જપયજ્ઞ સર્વથી શ્રેષ્ઠ છે. જન્મોજન્મના પાપનો નાશ કરવાનો ઉપાય એટલે જપ. આપના જે ઈષ્ટદેવ હોય તેમના નામનો જપ શ્રદ્ધાપૂર્વક કરવો જોઈએ. નામજપથી આપણે તમામ દોષોથી મુક્ત થઈને ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરી શકીએ છીએ. જેનું ઉત્તમ ઉદાહરણ વાલીયા લુંટારામાંથી થયેલા વાલ્મિકી ઋષિ છે."

આ પ્રસંગે લેસ્ટરમાં નિવાસ કરતા ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સત્સંગનો લાભ લીધો હતો. આ સત્સંગ સભાના આયોજનમાં હરિભાઈ, યોગેશભાઈ ગાંધી, હસમુખભાઈ વગેરે ભક્તજનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરી હતી.

અખંડ ભગવદ્ પરાયણ પરમ પૂજ્ય જોગીસ્વામીની પવિત્ર સ્મૃતિમાં SGVP ગુરુકુલ દ્વારા વિદ્યાસહાય યોજના

૨૧ મી સદી ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીની છે, શિક્ષણ કેળવવું ફરજીયાત થયું છે, ત્યારે મેડીકલ, આઈ.ટી. અને એન્જીન્યરીંગ ક્ષેત્રે કારકીર્દી ઘડવા ઈચ્છતા મધ્યમવર્ગના પરિવારના વિદ્યાર્થીઓના સપના ચાર વર્ષના અભ્યાસક્રમમાં એક વર્ષ દીઠ ત્રણથી પાંચ લાખ રૂપિયા ખર્ચવા મૂશ્કેલ હોવાને કારણે અધૂરા જ રહી જાય છે. આ તમામ મૂશ્કેલીઓને ધ્યાનમાં રાખી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી **અખંડ ભગવદ્ પરાયણ પરમ પૂજ્ય જોગીસ્વામીની પવિત્ર સ્મૃતિમાં** વિદ્યા સહાય યોજના શરુ કરવામાં આવી છે.

જે વિદ્યાર્થીઓ આઈ.ટી., મેડીકલ તથા એન્જિન્યરીંગનો ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા હોય, ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોય અને કોલેજ ફી ન ભરવાને લીધે અભ્યાસ ન કરી શકે એમ હોય એવા પરિવારના હોંશીયાર વિદ્યાર્થીઓને SGVP ગુરુકુલ દ્વારા વગર વ્યાજે લોન સ્વરુપમાં વિદ્યા સહાય આપવામાં આવશે. આ વિદ્યાસહાયમાં નિર્વ્યસની પરિવારને પ્રાથમિકતા આપવામાં આવશે. જેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોય અને વિદ્યાસહાય મેળવવા ઈચ્છતા સત્સંગી પરિવારને SGVP ગુરુકુલના કાર્યાલયમાં સંપર્ક કરાવવો. સંપર્ક :- મો. ૯૯૨૫૧ ૦૦૯૪૪, ફો. નં. (૦૨૭૧૭) ૨૪૧૧૫૯

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા સ્ટડી, સ્પોર્ટસ્ અને સ્પીરીચ્યુઆલીટી એ ત્રણ મુખ્ય સ્તંભને આધારે અનેક સેવાકાર્યો થઈ રહ્યા છે. ત્યારે પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી SGVP દ્વારા પ્રતિભાવાન ખેલાડીઓ સ્પોર્ટસ્ ક્ષેત્રે સારી કારકીર્દી બનાવી શકે તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. SGVP ખાતે ઈન્ટરનેશનલ કક્ષાનું ક્રીકેટ ગ્રાઉન્ડ, ફૂટબોલ ગ્રાઉન્ડ, ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ પ્રમાણેનું સીન્થેટીક ટેનીસ કોર્ટ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ ઉપલબ્ધ છે. આ ઉપરાંત એથ્લેટીક્સ અને સ્વીમીંગની પણ સુવીધાઓ ઉપલબ્ધ છે. આ તમામ સુવીધાઓનો ઉપયોગ સાથે નીષ્ણાંત કોચની દેખરેખ નીચે SGVP Surya Sports Academy દ્વારા પ્રતિભાવંત ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન પૂરુ પાડવામાં આવશે.

જેમાં આર્થિક રીતે નબળા પરિવારના પ્રતિભાવાન પસંદગી પામેલા ખેલાડીઓને વિનામુલ્યે તથા અન્ય પ્રતિભાવાન ખેલાડીઓને યોગ્યતાના આધારે કોચીંગની સાથે રહેવા-જમવાની તમામ સુવીધાઓ પૂરી પાડવામાં આવશે. લાભ લેવા ઈચ્છતા તેજસ્વી ખેલાડીઓએ જરૂર SGVP Surya Sports Academy નો સંપર્ક કરવો. સંપર્ક મો.નં. ૯૯૦૯૯ ૨૯૦૪૯

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા સંચાલીત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે ૨૦૦ જેટલા ઋષિકુમારો ભારતીય સંસ્કૃતિના રક્ષણ-પોષણ માટે વિનામૂલ્યે વૈદિક શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. સંતો અને આચાર્યોના માર્ગદર્શન નીચે તૈયાર થતા આ ઋષિકુમારો અવાર-નવાર રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ સંસ્થાનું નામ રોશન કરે છે. માર્ચ ૨૦૧૬માં લેવાયેલ ધોરણ ૧૦ તથા ૧૨ની પરીક્ષામાં ઋષિકુમારોએ સો ટકા રીજલ્ટ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

(st : 10th)

(st : 12th)

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધોરણ ૯ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. માર્ચ ૨૦૧૬માં લેવાયેલ ધોરણ ૧૦ તથા ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ૯૭ ટકા રીજલ્ટ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

(st : 10th)

(st : 12th)

દર્શનમ્ના ઋષિકુમારનું ભરતનાટ્યમ્માં પદાર્પણ



દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા ઋષિકુમાર મિત ત્રિવેદી બાલ્યાવસ્થાથી જ નૃત્યમાં રસ ધરાવતા હતા. ગુરુકુલમાં આવ્યા પછી એમને સ્ટેજ મળતા પોતાની તૃત્ય કળા ખીલી અને તાજેતરમાં ભરતનાટ્યમ્નો પાંચ વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. 'ભ' એટલે ભાવ. 'ર' એટલે રાગ, 'ત' એટલે તાલ અને 'નાટ્યમ્' એટલે નૃત્ય. પાંચ વર્ષમાં આ સર્વ અંગોનો અભ્યાસ પૂર્ણ કરે છે ત્યારે નૃત્યકારને રંગમંચ પ્રવેશ મળે છે. તાજેતરમાં જ ઋષિકુમાર મિતે પ્રથમ રંગમંચ પ્રવેશ 'આરંગેત્રમ્' રજુ કરી ભરતનાટ્યમ્નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. મિતે અમદાવાદ ખાતે આવેલી નૃત્યભારતી સંસ્થામાં પ્રખ્યાત નૃત્યકાર શ્રી ચંદન ઠાકોર તથા શ્રામતી નિરાલી ઠાકોર પાસેથી ભરતનાટ્યમ્ની તાલીમ મેળવી છે. મિતની આ સિદ્ધિ બદલ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતો તથા જીવનના રહસ્યોને સરળ અને શાસ્ત્રીય ભાષામાં ઘરબેઠા સાંભળવા

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની

Video DVD તથા Mp3 આજે જ વસાવો.

Video DVD

-વર્ણીવેષ રમણીય દર્શનમ્...
-વનવિચરણ (ભાગ - ૧ થી ૨)
-રામાનંદસ્વામી ઐશ્વર્ય પ્રકાશ
-સ્વામિનારાયણ મંત્રાર્થ (ભાગ – ૧ થી ૨)
-નારાયણ ગીતા (ભાગ – ૧ થી ૨)
-ભુજની લીલા (ભાગ – ૧ થી ૬)
-માણાવદર લીલા (ભાગ – ૧ થી ૨)
-કારીયાણી લીલા (ભાગ – ૧ થી ૩)
-ગઢપુર લીલા (ભાગ – ૧ થી ૫)
-દંઢાવ્ય દેશની લીલા (ભાગ – ૧ થી ૬)
-મધ્ય ગુજરાતની લીલા (ભાગ – ૧ થી ૫)
-ઉદ્ધવ સંપ્રદાય પ્રકાશ (ભાગ – ૧ થી ૬)
-શ્રીમદ્ ભાગવત કથા (ભાગ – ૧ થી ૪)
-શ્રીમદ્ સત્સંગિજીવન કથા (ભાગ – ૧ થી ૭)
-જનક-યોગેશ્વર સંવાદ (ભાગ – ૧ થી ૨)
-સંપ્રદાય અને શાસ્ત્રો (ભાગ – ૧ થી ૩)
-સત્સંગ દીપ (ભાગ – ૧ થી ૩)
-કીર્તન સમજૂતી
-કુટુંબ જીવનમાં શિક્ષાપત્રી
-પાંચ પ્રશ્નોનું સમાધાન
-અચરજકારી શ્રીહરિ
-ઘર એક મંદિર
-આદર્શ ગૃહસ્થાશ્રમ
-હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે...
-શ્રીવાસુદેવ
-ધીર ધુરંધરા શૂર સાચા
-સ્નેહો ભક્તિશ્ચ માધવે
-સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન
-માળે વિરામ
-હરિ મીલે
-એકેશ્વરવાદ
-આપણો માર્ગ
-વચનામૃત વિવેચન
-ધ્યાન યોગ - પ્રેમાનુધ્યાન
-તવદાસન કો દાસ
-અનુભવી આનંદમાં
-નિર્ભયની નોબત

Mp3

- સુખી કુટુંબ જીવન
- પ્રવચન સુધા
- પ્રેમે પ્રગટ્યા રે...
- સત્સંગ વાર્તા
- શિક્ષાપત્રી ભાષ્ય (ભાગ – ૧ થી ૬)
- સત્સંગિજીવન (ભાગ – ૧ થી ૪)
- શ્રીમદ્ ભાગવત કથા (ભાગ – ૧ થી ૪)
-વડોદરાની સભા
- જનમંગલ મંત્રાર્થ
- નિલકંઠ ચરીત્ર વનવિચરણ
- હરિલીલામૃત (ભાગ – ૧ થી ૩)

શ્રી જોગીસ્વામી હોલીસ્ટીક હેલ્થ સેન્ટર

ભારતના પ્રાચીનતમ આયુર્વિજ્ઞાનને રીસર્ચનો સહારો મળે તો આયુર્વિજ્ઞાન આરોગ્ય ક્ષેત્રે ગજબનો ચમત્કાર સર્જી શકે તેમ છે. આ વાતને ધ્યાનમાં રાખીને SGVP ના વિશાળ પરિસરમાં **'શ્રી જોગીસ્વામી હોલીસ્ટીક હેલ્થ સેન્ટર'**નું ભવ્ય નિર્માણ થઈ રહ્યું છે.

આ હોલીસ્ટીક હેલ્થ સેન્ટરના પાંચ માળના ભવ્ય બીલ્ડીંગનું બાંધકામ શરૂ થઈ ચૂક્યું છે. આ બાંધકામ આશરે એક લાખ ચોરસ ફૂટનું થશે. જેમાં અદ્યતન યોગ સેન્ટર, આયુર્વેદ આધારિત પંચકર્મ ચિકીત્સાના વિવિધ વિભાગો, આચાર્ય સુશ્રુત દ્વારા વિકસિત કરાયેલી અને ઝડપી પરિણામ આપતી ચિકિત્સાઓ જેવી કે રક્તમોક્ષણ, અગ્નિકર્મ, દંતચિકીત્સા, ક્ષારસૂત્ર વગેરે. ઉપરાંત એલોપથી વિભાગમાં આંખ, કાન, નાક, ગળું વગેરેની જનરલ સારવાર તથા કોસ્મેટીક સર્જરી જેવા વિભાગો રહેશે.

આ હોલીસ્ટિક સેન્ટરમાં અદ્યતન લેબોરેટરી દ્વારા આયુર્વેદને રીસર્ચનો આધાર મળશે. સુપ્રસિદ્ધ ડૉક્ટરો અને વૈદ્યરાજોની સેવાઓ ઉપલબ્ધ થશે. આ સેન્ટરમાં ટેલીમેડીસીનની અદ્યતન સુવિધા હશે, જેમાં દેશ-વિદેશના ખ્યાતનામ ડૉક્ટરો દર્દીઓને માર્ગદર્શન આપી સારવાર કરશે.

આ વિશાળ હોસ્પિટલમાં કોન્ફરન્સ હૉલ તથા આરોગ્યને લગતા પ્રાચીન-અર્વાચીન પુસ્તકોની અદ્યતન લાઈબ્રેરી હશે. આ હોલીસ્ટીક હેલ્થ સેન્ટર આધ્યાત્મિક વિકાસનું મહત્ત્વનું કેન્દ્ર બનશે. આશરે પંદર કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ હોલીસ્ટીક હેલ્થ સેન્ટરના નિર્માણમાં આપ સર્વનો સહયોગ અપેક્ષિત છે.

સહયોગ માટે ચેક અથવા ડ્રાફ્ટ માટેનું નામ **SSG Sarvajivahitavah trust**

નોંધઃ- સંસ્થામાં મળેલ દાન ઈન્કમ ટેક્સ ૮૦G કલમ મુજબ કરમુક્તિને પાત્ર છે.

સંપર્કઃ- પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી મો. નં. +૯૧ ૯૮૨૫૦૭૨૧૧૦

પૂજ્ય ભક્તવત્સલદાસજી સ્વામી મો. નં. +૯૧ ૯૮૭૯૦૦૦૯૫૪

પૂજ્ય ધર્મનંદનદાસજી સ્વામી મો. નં. +૯૧ ૯૮૨૫૧૩૦૭૬૫

સરનામુંઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, એસ.જી. હાઈવે, છારોડી, અમદાવાદ

શ્રદ્ધા સુમન

પ.ભ. જયંતીભાઇ હરજીભાઇ કથીરીયા :- ગામ ખીલાવડ હાલ રાજકોટ નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પ.ભ. શ્રી જયંતીભાઈ કથીરીયા ૨૪ એપ્રિલના રોજ ૪૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પ.ભ. જયંતીભાઈ તથા તેમનો પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી, જોગી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર રહ્યો છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા આ પરિવારની તન-મન-ધનથી અનન્ય સેવાઓ રહી છે. જયંતીભાઈ ખૂબ જ સારા ભક્તરાજ તથા સંતોમાં અપાર હેત ધરાવતા હતા. સદા ઉત્સાહી એવા જયંતીભાઈનો ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસ થતા સારોએ ગુરુકુલ પરિવાર અદના સેવકની ખોટ સારી રહ્યો છે. એમના અક્ષરવાસના સમાચાર મળતા અમદાવાદ તથા છારોડી ગુરુકુલમાં ધૂન કરવામાં આવી હતી તથા એમની સેવાના સંભારણા રૂપે ગુણાનુવાદ સભાનું પણ આયોજન કરવામાં આયું હતું. ઉપરાંત રાજકોટ તથા ખીલાવડ ખાતે યોજાયેલ સ્મૃતિ સભામાં પણ સંતોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા ગુરુકુલના તમામ સંતોએ જયંતીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પિતાશ્રી હરજીભાઈ, સુપુત્ર જતીન તથા રજની, ભાઈઓ શ્રી રસિકભાઈ, ચંદુભાઈ તથા મિત્ર વસંતભાઈ લીબાંસીયા વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

અ.નિ. શ્રી પદમશીભાઇ કરશનભાઇ પડશાળા :- ગામ ખીલાવડ નિવાસી તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ.ભ. શ્રી પદમશીભાઈ પડશાળા ૭૨ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર પદમશીભાઈનો આત્મા ખૂબજ દૈવી હતો. પદમશીભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો શ્રી રાજુભાઇ, મનસુખભાઇ, મુકેશભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કિરીટભાઇ ઘનશ્યામભાઇ પટેલ :- અમદાવાદ ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી, સંતોમાં અપાર હેતવાળા, ગામ ભમગઢ નિવાસી પ.ભ. શ્રી કિરીટભાઈ પટેલ ૩૮ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. SGVP ગુરુકુલના નિર્માણમાં કિરીટભાઈએ ખૂબ જ દૈહીક સેવાઓ કરી સંતોનો રાજીપો મેળવ્યો હતો. આ પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના સુખે સુખિયો કરે તથા તેમના પિતાશ્રી ઘનશ્યામભાઈ, ભાઈઓ શ્રી સંજયભાઈ, મહેન્દ્રભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેસરાભાઇ નારણભાઇ જેસાણી :- ગામ બળદીયા હાલ નાઇરોબી નિવાસી પ.ભ. શ્રી કેસરાભાઈ જેસાણી ૭૪ વર્ષની ઉંમરે ૨-મે ના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર કેસરાભાઇના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો મનજીભાઇ, શામજીભાઇ, જાદવભાઇ, હરીશભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રસીસ કીશોરભાઇ હીરાણી :- કાર્ડીફ-યુ.કે. નિવાસી શ્રી રસીસ હીરાણી ૨૫ વર્ષની નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. રસીસના મુમુક્ષુ આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પિતાશ્રી કીશોરભાઇ વગેરે પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જસવંતીબેન પ્રિતમલાલ જોષી :- પ્રિટોરિયા નિવાસી શ્રી જસવંતીબેન જોષી શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. જસવંતીબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો મહેન્દ્રભાઇ, અશ્વિનભાઇ, પ્રફુલભાઇ, દીપકભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કુંવજીભાઇ ખીમજીભાઇ રાઘવાણી :- ગામ બાળદીયા હાલ નાઇરોબી નિવાસી પ.ભ. શ્રી કુંવજીભાઇ રાઘવાણી ૯૩ વર્ષની વર્ષની ઉંમરે ૧, જૂને અક્ષરવાસી થયા છે. કુંવજીભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો રામજીભાઇ, કાનજીભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પરમેશ નારણભાઇ હાલાઇ :- ગામ કુંદનપુર, હાલ લંડન નિવાસી શ્રી પરમેશભાઇ ૩૦ વર્ષની નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. પરમેશભાઈના મુમુક્ષુ આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પિતાશ્રી નારણભાઈ, ભાઇ મહેશભાઇ તથા બીપીનભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મૂળજીભાઇ રામજીભાઇ શાંખલા :- નાસિક નિવાસી પ.ભ. શ્રી મૂળજીભાઈ શાંખલા ૧૬, જૂને અક્ષરવાસી થયા છે.મૂળજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો મિલાપ, રાજુ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

५० सुवर्ण जयंती महोत्सव

तारीख ०७-०८-२०१६, रविवार सुरत

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મિશન,
લસકાણા, વરાછા રોડ, **સુરત**

તારીખ :- ૭ ઓગસ્ટ ૨૦૧૬, શ્રાવણ સુદ ૫

સવારે : ૯ થી ૧૧-૩૦ મહિલા મંચ

મુખ્ય મહોત્સવ : બપોરે : ૩-૩૦ થી રાત્રે : ૯-૦૦

મહોત્સવના મૂલ્યો

- ૫૦ હજાર ઉપરાંત ભક્તો સંતો દ્વારા સમૂહમાં ભાવવંદના.
- મહિલા મંચમાં ૨૫ હજાર ઉપરાંત મહિલા ભક્તો દ્વારા ભાવવંદના.
- વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની છત્રછાંયામાં રહેલા ૧૪૦૦ ઉપરાંત સંતો તેમજ લાખો ભક્તો દ્વારા થતી ધાર્મિક, સમાજીક તેમજ શૈક્ષણિક કાર્યશીલતાનું દશ્ય શ્રાવ્ય સાથે ઐતિહાસિક માહિતિનો ઉજાગર.
- ભક્તો દ્વારા આલેખાયેલ ૫૦ કરોડ મહામંત્રના લેખનની મંત્રપોથીનું પ્રતિક પૂજન.
- મહોત્સવના ઉપક્રમે ૧૦૦ ઉપરાંત સર્જન ડોકટરો દ્વારા જરૂરિયાત મંદોને ૫૦૦ ઓપરેશન ફ્રીમાં કરવામાં આવશે.
- જરૂરિયાત મંદ લોકોની મેડિકલ સેવાર્થે આચાર્ય મહારાજશ્રીની રજતતુલા, રક્ततુલા તેમજ મેડિશિન ભાવતુલા.
- ૧૩ વર્ષમાં આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે દીક્ષિત ૪૮૩ સંતો દ્વારા ગુરુપદનું ભાવપૂજન.
- ૫ હજાર વૃક્ષારોપણાર્થે છોડનું વિતરણ.
- વિશિષ્ટ કાર્યદક્ષ વ્યક્તિઓનું અભિવાદન.
- **આચાર્ય મહારાજશ્રીને નિમંત્રણાર્થે સુરતથી વડતાલ ૧૦૦૮ કારરેલી તા.૩૧-૭-૨૦૧૬, રવિવાર, અષાઢ વદ ૧૨.**
- બેટી બચાવો, વ્યસનમુક્તિ તેમજ સ્વચ્છતા અભિયાનની ભાવ ઉદ્‌ઘોષણા.
- ૧૦૮ વિવિધ વાજીંત્રો સહ સંગીતકાર સંતો દ્વારા ભાવ પ્રાર્થના ગુંજન.
- ૧૦૮ મંદિરો - ગુરુકુલોમાં ઠાકોરજીને નૂતન વસ્ત્રાલંકાર તેમજ ૫૦ વાનગીઓના થાળ.
- બાલ-યુવા કલાકારો દ્વારા નૃત્યો તેમજ રૂપકો દ્વારા ભાવાર્પણ.
- આચાર્ય મહારાજશ્રી તથા વિદ્વાન મહાન સંતોના મુખે આશીર્વચન

રજતતુલામાં જેમણે સેવા કરવાની ઇચ્છા હોય તેઓ મહોત્સવ સમયે સ્ટેજની પાસેથી ચાંદી મેળવી શકશે.
મહોત્સવ સમયે જે આવક વધશે તે વડતાલધામ ખાતે નિર્માણાધીન નૂતન હોસ્પિટલના લાભાર્થે વપરાશે.

લાઈવ પ્રસારણ

GTPL ભક્તિ ચેનલ નં. 551 પર

:: Website ::
www.vadtalmandir.org

સંપર્ક : ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી - ૯૩૭૪૯૯૫૦૦૦
શ્રી સંત સ્વામી, વડતાલ આ.કોઠારીશ્રી - ૯૯૨૫૨ ૦૭૫૦૨
શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી, વડતાલ- ૯૮૨૫૩૧૪૧૧૫
શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, ગુરુકુલ સુરત - ૯૯૭૯૨ ૦૨૪૩૪
શ્રી વિશ્વપ્રકાશ સ્વામી, મીશન-કલાકુંજ સુરત - ૯૩૨૭૩ ૩૮૯૩૮

મહોત્સવના ઉપક્રમે દરેક સંતો - ભક્તો આટલુ વિશેષ કરશે
ઓગસ્ટ મહિના પહેલા
૫૦ હજાર જપ, ૫૦ વંદુના પાઠ, ૧ મંત્રપોથી - મંત્ર લેખન
ઉપરોક્ત ભજનની નોંધ પોતાના નજીકના મંડળમાં રહેતા સંતોને કરાવવી.
અને તે સંતોએ ભજનની સંખ્યા મોકલવી.

PGDCA

Admission opens for a regular degree course

(Post Graduate Diploma in Computer Science & Applications)

(Affiliation: UGC recognized Shree Somnath University, Veraval)

Application Last Date: 30-06-2016

Address: Hariprakash PGDCA Study Centre, (SGVP) Mob. (+91)9898646474

આગામી આયોજન

તા. ૧/૭/૧૬, શુક્રવાર : **યોગિની એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧ થી ૩/૭/૧૬, : **Hindu Lifestyle Seminar : Shree Kutch Leva Patel Community Centre (SKLPC) West End Road, Northolt – UB5 6RE, London**

તા. ૩/૭/૧૬, રવિવાર : **સુહૃદ સભા:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.

તા. ૬/૭/૧૬, બુધવાર : **રથયાત્રા મહોત્સવ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્ય તિથિ,**
રથયાત્રાનો રુટ :- સાંજે ૩ કલાકે ગુરુકુલથી નિકળી સુભાષ ચોક, વિશ્રામ નગર, સન એન્ડ સ્ટેપ ક્લબ, ભુયંગદેવ, સ્વામિનારાયણ બાગ, વિવેકાનંદ ચોક, મેમનગર ગામ, માનવ મંદિરથી ગુરુકુલ પધારશે.

તા. ૧૩/૭/૧૬, બુધવાર : **શ્રીહરિ જયંતિ:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે

તા. ૧૫/૭/૧૬, શુક્રવાર : **દેવશયની એકાદશી:** ચાતુર્માસ પ્રારંભ, ભજન-ભક્તિના વિશેષ નિયમ લેવા.
કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૧૯/૭/૧૬, સોમવાર : **ગુરુપૂર્ણિમા મહોત્સવ:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી. સમય સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન.

તા. ૩૦/૭/૧૬, શનિવાર : **કામીકા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

નોંધ :- ગુરુકુલ દર્શન મેગેજીન અંગે કોઈ પણ પ્રકારની ઈન્કવાઈરી હોય અથવા તો સરનામું બદલવું હોય તો માહીતી પોસ્ટકાર્ડ દ્વારા અથવા તો ઈ-મેઈલ (**darshan@sgvp.org**) દ્વારા જ મોકલવા વિનંતી.

કાળજાળ ગરમીમાં ઉઘાડા પગે ફરતા જરૂરિયાતમંદોને ચંપલ વિતરણ કરતા ગુરુકુલ પરિવારના યુવાનો

આમ્રકૂટોત્સવમાં ભગવાનને ધરાવેલ પ્રસાદીની કેરીઓનું દરીદ્રનારાયણ તથા વૃદ્ધાશ્રમમાં સંતો-યુવાનો દ્વારા વિતરણ

પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમી દ્વારા આયોજિત સમર કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે પોતાની કળા દર્શાવતા વિદ્યાર્થીઓ

પૂજ્ય સ્વામીજી યુ.કે.ની યાત્રાએ પધારતા ગુરુકુલ પરિવારના ભક્તજનો દ્વારા સ્વાગત તથા લેસ્ટર ખાતે યોજાયેલ સત્સંગ સભા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો તથા વ્યાસાસને બિરાજમાન પૂજ્ય સ્વામીજી સાથે યજમાન પરિવાર, ઓલ્ડહામ, યુ.કે.

મહાકુંભપર્વ પ્રસંગે આયોજીત મહાસંમેલનમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય અવધેશાનંદજી, અન્ય મહાત્માઓ તથા શ્રદ્ધાળુઓ, ઉજ્જૈન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદને આંગણે
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં

ગુરુપૂર્ણિમા મહોત્સવ

તા. ૧૯ જુલાઇ, ૨૦૧૬
સમય : સાંજે ૪:૦૦ થી ૮:૦૦

ગુરુ પૂજનના પાવન પ્રસંગે ભવસાગરના તારણહાર
ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી,
પૂજ્યપાદ શ્રી જોગીસ્વામી તથા સદ્‌ગુરુ સંતોનું પૂજન કરી ધન્યભાગી બનીએ.